ધનસુરાના ધામણીયા ગામની પ્રાથમિક શાળાના બાળકોની ગાંધીગીરી

આચાર્યની બદલી રોકવાની માંગ

ધનસુરા, તા. ૧

અરવલ્લી જીલ્લામાં એચ ટાટ મુખ્ય શિક્ષકોને ફાજલ કરી બદલી કરવાની તજવીજનો ઠેર ઠેર વિરોધ શરૂ કરવામાં આવ્યો હતો હતો રાજ્ય સરકારના નિર્ણય સામે એચ ટાટ શિક્ષકો સહીત વાલીઓ અને વિદ્યાર્થીઓમાં પણ ભારે રોષ જોવા મળી રહ્યો છે ધનસુરા તાલુકાના ધામણીયા ગામની પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા આચાર્યની બદલી થવાના એંધાણ જણાતા શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ તેમના આચાર્યની બદલી બંધ રાખવામાં આવેની માંગ સાથે ત્રણ દિવસથી શાળા આગળ આચાર્યની બદલી રદ કરો અને દાદાગીરી બંધ કરો ના નારા લગાવ્યા હતા બીજીબાજુ નાયબ શિક્ષણાધિકારી સમીર પટેલે ત્રણ દિવસથી શિક્ષણ કાર્ય ચાલુ હોવાની સાથે વિદ્યાર્થીઓની પાંખી હાજરી જોવા મળતા બાળકોના વાલીઓ સાથે મિટિંગ ચાલુ હોવાનું જણાવ્યું હતું.

સરકારી પ્રાથમિક શાળાઓમાં સંખ્યાની ઘટ પડતા એચ ટાટના મુખ્ય શિક્ષકોને ફાજલ કરી અન્ય શાળામાં મૂકવાની તજવીજ હાથ ધરાઈ છે. ત્રણ દિવસથી ધનસુરા તાલુકાના ધામણીયા ગામની પ્રાથમિક શાળાના બાળકો દ્વારા તેમના આચાર્યની બદલી રોકવા સૂત્રોચ્ચાર કર્યા હતા અને મુખ્ય શિક્ષક નરસિંહ ભાઈ પગી ની બદલી રદ કરવા માંગ કરી હતી અને માંગ નહીં સ્વીકારવામા આવે તો શિક્ષણકાર્યનો બહિષ્કાર ની ચીમકી ઉચ્ચારી હતી ત્રણ દિવસથી શિક્ષણકાર્ય ઠપ્પ થતા જવાબદાર તંત્રના અધિકારીઓએ ધામણીયા શાળામાં અભ્યાસ કરતા બાળકોના વાલીઓ અને ગામના જાગૃત નાગરિકો સાથે મિટિંગ કરી સમજાવવાના પ્રયત્નો હાથધર્યા હતા.

ડીસામાં શ્રીમદ ભાગવત જ્ઞાન સપ્તાહની પોથી યાત્રા નીકળી

ડીસા, તા. ૧

બનાસકાંઠાનું ડીસા ધર્મનગરી તરીકે ખ્યાતિ પામી રહયું છે અહીં અવાર નવાર ધાર્મિક કાર્યક્રમો યોજાતા રહે છે જેમાં ભજન - સત્સંગ સાથે કથાઓ પણ યોજાય છે તેના ભાગ રૂપે ગઈકાલે ડીસાના સાંઈબાબા મન્દિર ખાતે ગૌશાળાના લાભાર્થે સાત દિવસીય ભાગવત કથાનો પ્રારંભ થયો હતો જેમાં અતિથિ વિશેસ તરીકે ડીસા ધારાસભ્ય શશીકાંત પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા તેમજ પાલિકા પ્રમુખ શિલ્પાબેન માળી દ્વારા દીપ પ્રાગટય કરી આ કથાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. બુધવારે આ ભાગવત કથાની પોથી યાત્રાએ જલારામ મન્દિરથી વાજતે ગાજતે પ્રસ્થાન કર્યું હતું જેમાં મોતી સંખ્યામાં લોકો જોડાયા હતા આ કથાનું મુખ્ય યજમાન ધરમસીભાઈ ઈશ્વરભાઈ દેસાઈ (ગણેશપુરાવાળા) દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું મહાત્મા ભૂરાનંદજી મહારાજ કુવારવાવાળાના શિષ્ય મહાત્મા કરૂણાનંદજી આ કથાનું રસપાન કરાવશે રાજવિદ્યા પ્રચાર સેવા સંસ્થાન દ્વારા ધર્મ પ્રેમી જનતાને કથાનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

ભિલોડાના બેડાસણ ગામે ઝરખ નામના પ્રાણીએ રાહદારી ખેડુતને બચકું ભરતા ભારે ફફડાટ

ભિલોડા, તા. ૧

ભિલોડા તાલુકાના અંતરીયાળ ડુંગરાળ વિસ્તારોમાં વન્ય હિંસક પ્રાણીઓ અને દિપડાઓનો વસવાટ હોય ખેડુતોમાં ભારે ફફડાટ ફેલાય રહ્યો છે.વન્ય હિંસક પ્રાણીઓ અવારનવાર પશુઓનું મારણ કરતા હોય છે.બેડાસણ ગામ પાસે ઝરખ નામના વન્ય હિંસક પ્રાણીએ રાહદારી ખેડુતને ભર બપોરે બચકું ભરતા ખેડુતોમાં ભારે ફફડાટ ફેલાયો હતો.બેડાસણ પ્રાથમીક શાળાના શિક્ષક ગિરીશભાઈ પ્રજાપતિ સહિત ખેડુતોએ ઈજાગ્રસ્ત ખેડુત નટવરભાઈ રત્નાભાઈ ગામેતીને તાબડતોબ કોટેઝ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા.મેડીકલ ઓફીસરે ખેડુતને પ્રાથમીક સારવાર આપી હતી.

મોડાસામાંથી કોલેજીયન યુવતીનું અપહરણ કરનાર બે શખ્શોને ગણતરીના કલાકોમાં દબોચતી પોલીસ

મોડાસા, તા.૧

મોડાસાની કોમર્સ કોલેજમાં એમ.કોમમાં અભ્યાસ કરતી છાત્રાએ સગાઈ કરવાની ના પાડતાં માલપુર તાલુકાના પૂજારાની મુવાડીના શખ્સે તેનું મંગળવારે મોડાસાના કોલેજ રોડ પરથી બોલેરોમાં અપહરણ કરી તેના બે મિત્રોની મદદથી નાસી છૂટયો હતો. અપહરણકર્તા યુવતીને પુજારાની મુવાડીથી પોલીસે બચાવી લીધી હતી. પોલીસે સાંજે ૧) રણજીતભાઈ મણીભાઈ પુજારા (રહે.પુજારાની મુવાડી),૨)અજયકુમાર મોતીભાઈ ખાંટ (રહે.સરદાર ખાંટની મુવાડી)તા.માલપુર નામના આરોપીઓને ચોરીવાડ ચોકડીથી માલપુર પોલીસે બંને અપહરણકર્તાને ઝડપી લીધા હતા.

મોડાસા શહેરના કોલેજ રોડ પરથી મંગળવારે સવારે ૭:૩૦ વાગ્યાના સુમારે કોમર્સ કોલેજમાં અભ્યાસ કરતી યુવતીનું બોલેરો જીપમાં અપહરણ થતા અરવલ્લી જીલ્લા પોલીસ અધિક્ષક મયુર પાટીલે "રેડ એલર્ટ સ્કીમ" મૂકી તેમના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી, એસ.ઓ.જી. મોડાસા ટાઉન-માલપુર- મેઘરાજ- પોલીસ સ્ટેશનની ટીમો બનાવી અપહરણ કરતા યુવતીને બચાવવા કવાયત હાથધરી હતી બાતમી આધારે માલપુર પોલીસ ઈન્સ્પેક્ટર જયેશભાઈ ભરવાડ તથા સ્ટાફના માણસો સાથે ચોરીવાડ ચોકડીથી પકડી જેલ હવાલે કર્યા હતા.

મેઘરજ તાલુકાના લીંબોદરાની યુવતી મોડાસાની કોમર્સ કોલેજમાં એમ.કોમ.માં અભ્યાસ કરે છે. મંગળવાર વહેલી સવારે યુવતી મોડાસા આવી હતી. યુવતી તથા તેની સહાધ્યાયી બન્ને મોડાસા કોલેજ રોડ ઉપર ચાલતા જતા હતા દરમિયાન મોડાસા રોડ ટ્રાન્સપોર્ટ પાસેથી સવારે ૭.૩૦ કલાકે પસાર થતાં અચાનક તેમની આગળ બોલેરો (જીજે ૨૪ વી.૭૫૩૪) આવીને ઉભી રહી હતી બંને વિદ્યાર્થીનીઓ કંઈ પણ સમજે તે પહેલા બોલેરોમાંથી રણજીત પૂજારા નીચે ઉતરી યુવતીને બળજબરાઈ પૂર્વક ગાડીમાં બેસાડવાનો પ્રયત્ન કરતા યુવતીએ ખેંચતાણ કરી બૂમાબૂમ કરતા પાસેથી પસાર થતા એકટીવા ચાલકે ગાડી આગળ એકટીવા ઉભું કર્યુ હતુ. જોકે ડ્રાઈવર એકિટવા ચાલકને મારી નાખવાના ઈરાદે એકટીવા ઉપર ગાડી નાખી હતી. ગાડીમાં રહેલા અન્ય બે શખ્સોની મદદથી યુવતીનું અપહરણ કરી તેની પાસે રહેલો મોબાઈલ ઝુંટવી લઈ ગાડી ભેરુંડા રોડ તરફ ભગાવી મૂકી હતી અને જો યુવતી તેની સાથે લગ્ન કરવાની મનાઈ કરશે તો તેને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ગણતરીના કલાકો મા જ યુવતીને અપહરણકર્તાના ચુંગાલમાંથી છોડાવી લીધી હતી. પોલીસે મોડી સાંજે ચોરીવાડથી ઝડપી લઈ જેલ હવાલે કર્યા હતા.

વિજયનગર તાલુકા આશ્રમ ફુંડલા કંપા કક્ષાનો પશુપાલન શિબિર યોજાઈ

ભિલોડા, તા.૩૧

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાનો તાલુકા કક્ષાનો પશુપાલન શિબિર યોજાઈ હતી.પશુ દવાખાના વિજયનગર ડોક્ટર. પી.એસ.બારા દ્વારા આશ્રમ ફુંડલા કંપા માર્કેઆર્ટ ખાતે રાખવામાંઆવેલ જેમાં દીપ પ્રગટાવી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. ડોક્ટર.જે. બી. પટેલ - સાબરકાંઠા નાયબ પશુપાલન નિયામક,વિજયનગર મામલતદાર પી.જી.ચૌહાણ,તાલુકા વિકાસ અધિકારી પી.સી.સુમેરા,જિલ્લા પંચાયત સદસ્ય રાજુભાઈ ડોન, વિજયનગર તાલુકાના અગ્રણી નટવરસિંહ ભાટી તેમજ પશુ પાલકો મહિલા મોટી સંખ્યમાં આ કાર્યક્રમ માં ઉપસ્થિત રહ્યા હતા જેમાં પશુમાવજાત, પશુપોષણ, પશુઆરોગ્ય, પશુસંવર્ધન, પશુધન ટેકનોલોજી પશુપાલન ની વિવિધ યોજનાઓ વિશે ની માહિતી આપી સમગ્રશિબિરનુંસંચાલન ડો.પી. એસ. બારા, વિજયનગરના તમામ પશુપાલન પરિવાર દ્વારા કરવામાંઆવ્યું તેમજ શિબિરમાં એકરિંગ કિરીટ એસ.બારા દ્વારા કરવામાં આવ્યું.

'નાનાસડા' ગામમાં ગટરના દુષિત પાણી અને કચરાના ઢગલાથી ગ્રામજનો ત્રસ્ત

અંબાજી, તા. ૧

દાંતા તાલુકાની 'નાનાસડા' ગ્રામ પંચાયત એ ગ્રુપ ગામ પંચાયત છે ગટરના દુષિત પાણીથી ગામ માં ઠેરઠેર મુખ્ય માર્ગો પર પાણી ના ખાબોચિયા ભરાયા છે, ગામ ના મુખ્ય રસ્તાઓ પર જ્યાં લોકો ની અવરવજવર વધારે રહે છે ત્યાં આ દૂષિત પાણી ની નદીઓ વહેતી થઈ છે,આ દૂષિત પાણી માં ઠેરઠેર મચ્છરો પુષ્કળ પ્રમાણ માં ફેલાયેલા છે સ્કૂલમાં જતા બાળકોને આ ગંદા પાણી માંથી સ્કૂલ માં જવું પડે છે અને ગામ ના મુખ્ય માર્ગો પર પણ ઠેરઠેર કચરાના ઢગલા થી ગામ માં ગંદકીનું સામ્રાજય વધી ગયું છે અત્યારે ગામ ના મુખ્ય માર્ગો પર ઠેરઠેર દુષિત પાણી અને કચરાના જ જોવા મળે છે.. જો ટૂંક સમય આ ગામ મા દુષિત પાણી અને કચરાનો યોગ્ય નિકાલ કરવામાં નહીં આવે તો ગામ માં રોગ ચાળો ફાટી નીકળવાનો ભય લોકો માં ફેલાયેલો જોવા મળ્યો હતો

ડેન્ગ્યુ અને ડીફથેરિયા ના વાયરલ ફીવર નો પ્રકોપ ગુજરાત માં જ્યારે વકર્યો છે 'ત્યારે દાંતા તાલુકા ના 'નાનાસડા' ગામ માં ગટર ના દુષિત પાણી અને કચરાના ઢગલા થી ગ્રામજનો ત્રસ્ત, ગામ માં ઠેરઠેર રસ્તાઓ પર ના પાણી અને ગંદકીથી ગ્રામજનો પરેશાન ,જો ટૂંક સમય માં ગામ માં દુષિત પાણી અને કચરાના ઢગલા નું કોઈ યોગ્ય નિરાકરણ કરવામાં નહિ આવે તો થોડા સમય માં ગામ માં રોગ-ચાળો ફાટી નીકડવાની દહેશત. આ ગંદકીથી ત્રસ્ત ગ્રામજનો એ વારંવાર ઉચ્ચા રજૂઆતો કરી હોવા છતાં તેનું આજ દિન સુધી કોઈ નિરાકરણ આવ્યું નથી...જો આ ગામ માં કોઈ મોટો રોગ-ચાળો ફાટી નીકડે તો એનું જવાબદાર કોણ રહેશે તંત્ર કે ગ્રામ પંચાયત...!

અરે કોઈ લૌટા દો મેરે બીતે હુએ દિન... કળીયુગમાં હજુ માનવતા મરી પરવારી નથી

ભિલોડામાં છેલ્લા ૮ વર્ષથી માનસિક અસ્થિરતા ધરાવતા આધેડની યાદદાસ્ત આવતા ભાવ વિભોર દશ્યો સર્જાયા

ભિલોડા, તા.૧

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે છેલ્લા ૮ વર્ષથી એક માનસિક અસ્થિર વ્યક્તિ એસ.ટી. બસ સ્ટેન્ડ એરીયામાં ફરતો હતો.ઓરીસ્સાની ભાષામાં એકલો એકલો પોતાની જાત સાથે વાતો કરતો હતો.કોઈ પણ વ્યક્તિનો સમય હંમેશા બલવાન હોય છે પરંતુ વ્યક્તિ નહી? ગણી જાતના દુઃખ સહન કર્યા ઘણા લોકો પોતાનો સમય કાઢવા માટે પોતાના મનોરંજન માટે ન ગમતી વાતો માનસિક અસ્થિર વ્યક્તિ સાથે બોલી છંછેડતા હોય છે પરંતુ માનસિક અસ્થિર વ્યક્તિ એક ભગવાનનો માણસ કહેવાય છે ત્યારે કોઈ પણ વ્યક્તિએ પોતાની મોજ મસ્તી માટે ખીજવવો તે યોગ્ય નથી ? અરે ! માનસિક અસ્થિર વ્યક્તિ તો ઠંડી,ગરમી અને વરસાદ તેમજ ભુખ,તરસ કશુ સમજતો નથી? જેને દિવસ કે રાત્રીની ખબર નથી તે તો તેની દુનિયામાં ફરે છે ત્યારે લોકો તેને છંછેડે છે અને પોતે મોઝ સમજે છે ત્યારે જેનું કોઈ નથી તેના સાથે માલીક હાજરાહાજુર હોય છે તે જોતા ભિલોડાના સેવાભાવી વેપારીઓ આ માનસિક અસ્થિર વ્યક્તિને અન્ના નામે બોલાવી કોઈ જમવાનું આપે,કોઈ કપડા આપે તો કોઈ ચા આપતા હતા.સવારે ચાની કીટલીઓ પર જઈ તે ઉભો રહે તો તરત જ ચા,બિસ્કીટ મળી જતી હતી.ભિલોડાના નઝેવાડ તળાવ

કિનારે જાણે કે માનસિક અસ્થિર વ્યક્તિ (અન્ના)નું નિવાસ સ્થાન હોય તેમ આ વિસ્તારમાં રહેતો હતો.કુદરતનો કરીશ્મા કોઈ જાણ્યું નથી ને કોઈ જાણવાનું પણ નથી.માનસિક અસ્થિર વ્યક્તિની એકાએક યાદદાસ્ત પાછી આવી અને તે બોલતો થયો.વેપારીઓને કહેતો હતો કે મારે ઘરે જવું છે ત્યારે ભિલોડાના સેવાભાવી લોકોએ સંદેશના પ્રેસ પ્રતિનિધિ હરેશ ત્રિવેદીનો સંપર્ક કરતા તેઓ તાત્કાલીક આ બાબતે ભિલોડા પોલીસમાં રજુઆત કરી હતી.ભિલોડાના ઝાંબાજ પી.એસ.આઈ. એમ.જી.વસાવાને સઘળી વાત કરતા પી.એસ.આઈ. એ આ બાબત ખંતપુર્વક પરીવારને શોધવા અથાગ પ્રયત્નો કર્યા હતા.પ્રથમ સુરતના આમ્રોલી પોલીસ સ્ટેશનમાં તપાસ કરાઈ તે પછી ઓરીસ્સાના આસ્કા પોલીસ સ્ટેશન પી.આઈ.,એસ.પી., ડી.એસ.પી. તેમજ કબી સુર્યા નગર પોલીસ સ્ટેશન,ઓરીસ્સા ખાતે સંપર્ક દરમ્યાન માનસિક અસ્થિર વ્યક્તિના પરીવારની ભાળ મળી હતી.તેના ડાબા હાથ ઉપર હનુમાનજીનું ચિત્ર (ટેટુ)દોરેલ હતું.પેટની ડાબી બાજુ કરાવેલ કોઈ ઓપરેશનનો ઘા સહિત વિવિધ પ્રકારના ફોટાઓ ઓરીસ્સા પોલીસને મોકલાવ્યા હતા.પોલીસએ માનવતા દાખવી માનસિક અસ્થિર વ્યક્તિના પરીવાર સાથે વર્ષો બાદ મિલન કરાવતા ભાવ વિભોર દશ્યો સર્જાયા હતા.

ઓરીસ્સા રાજ્યના ગંજામ જીલ્લાના આંમલાપુલ્લી ગામનો શંકર ગહત બહેરી (અન્ના) નામનો આધેડ માનસિક અસ્થિરતાના કારણે ભિલોડા બજાર વિસ્તારમાં ફરતો હતો.સેવાભાવી લોકોએ પોલીસ સ્ટેશનમાં સોપતા પોલીસએ અથાગ પ્રયત્નો હાથ ધરીને માનસિક તકલીફ ધરાવતા વ્યક્તિના પરીવારજનો સાથે મિલન કરાવતા પરીવારજનોમાં આનંદની લાગણી પ્રસરી હતી.ઓરીસ્સાથી ૩ વ્યક્તિઓ ભિલોડા શંકરને લેવા આવતા વેપારીઓમાં પણ આનંદની લાગણી પ્રસરી હતી.માનસિક અસ્થિરતા ધરાવતા વ્યક્તિ સુખી સંપન્ન ઘરનો હતો.૪ ભાઈઓ અને ૬ બહેનોનો મોટો પરીવાર છે.શંકર પરણીત હતો.તેને પણ બે દિકરા છે.તેની પત્નીનું નામ જુલી,પુત્રોનું નામ (૧) રાજા અને (૨) પપ્પુ છે. બહેનોના નામ (૧) જાન્નુ (૨)છબી (૩)સુકુમારી (૪)દુખી (૫)લક્ષ્મી (૬) નીભા છે તેમજ ચાર ભાઈઓના નામે (૧)સંતોષ (૨)ટીન્કુ (૩) ગુલા (૪) શંકર છે. આ પ્રમાણે ૧૦ ભાઈ બહેનનો પરીવારથી વિખુટો પડેલ શંકર ૮ વર્ષ પછી પરીવારને મળતાં આનંદનો કોઈ પાર ન હતો.પરીવારજનો કહેતા હતા કે શંકર ગુમ થયાના ૪ વર્ષ સુધી શંકશની ભારે શોધખોળ આદરી હતી પણ શંકરનો કોઈ જ પત્તો ન મળતા મૃત્યું થયાનું સમજી પરીવારજનોએ આશા પણ ગુમાવી દીધી હતી.શંકર આ દુનિયામાં હયાત હશે કે નહીં હોય પરંતુ સેવાભાવી લોકો અને પોલીસએ માનવતાનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યું છે.શાકમાર્કેટના નાના લારીવાળા ભાઈઓએ રૂા.૨૫-૫૦ ની રકમ ભેગી કરી રૂા.૧૦૦૦/- જેવી રકમ શંકરને આપી હતી.

ભિલોડાના ઝૂમસર છાપરાના મહંતને ગુજરાત પ્રદેશના સંગઠન મંત્રી બનાવાયા

ભિલોડા, તા. ૧

અખિલ સનાતન ધર્મ પરિષદ ના નેજા હેઠળ ઝૂમસર નિલકંઠેશ્વર મહાદેવ ના મંદિરે મધ્યપ્રદેશ ના રાજ્ય મંત્રી જાનકીદાસજી મહારાજ ના નેતૃત્વમાં બેઠક મળી હતી જેમાં ઝૂમસર નિલકંઠેશ્વર મહાદેવ ના મંદિરના નાગા રઘુવીરદાસજી મહારાજ ને ગુજરાત પ્રદેશના મંત્રી તરીકે ની નિમણૂક અપાઈ હતી આ બેઠક માં રાષ્ટ્રીય સંગઠન મંત્રી સીતારામ મહારાજ(વૃંદાવન બેઠક)તથા દિલ્હી ના રાષ્ટ્રીય અધ્યક્ષ મહંત વિષ્ણુદાસજી મહારાજ સહિત રાષ્ટ્રીય

મહેસાણા કાઈમ ન્યૂઝ ચેનલના ઉપક્રમે ૩૧મી ડિસેમ્બર સંગીતકાર અને ગાયક કલાકારોનું એવોર્ડ અર્પણ સમારંભ મહેસાણા કાતે યોજાયો હતો. જેમાં મહેસાણા નગરપાલિકાના પ્રમુખ ઘનશ્યામભાઈ સોલંકી, પૂર્વ પ્રમુખ જયદિપસિંહ ડાભી, કમલેશ વૈદ, તૃષા રામી, દર્શના વ્યાસ, જયદીપ પ્રજાપતિ, અર્પિતા ચૌધરી, રોનકબેન પટેલ સહિત અનેક કલાકારોને એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા હતા. ચેનલના સુનિલ બ્રહ્મભટ્ટ સહિત અનેક અગ્રણિઓ ઉપસ્થિત રહ્યા હતા.

મહાસચિવ મહંત બાલક દાસજી મહારાજ,અંતરરાષ્ટ્રીય પ્રભારી મહંત અવધબિહારીદાસજી મહારાજ, માલવણ ના નરહરીદાશજી, બ્રાહપુરી ના મદનમોહનજી, વિરેશ્વર મંદિરના રામદાસજી, ચોરીવાડ મંદિર ના ભગવાનદાસ, સુંદરપુરા ના ભાગીરથદાસજી સહિત ઉપસ્થિતિ રહ્યા હતા.

શામળાજીમાં સ્ટેટ મોનીટરીંગ સેલ ત્રાટકી

રામેળામાં બુટલેગરના ઘરે ત્રાટકી ૨૬ હજારનો દારૂ અને ૨.૧૨ લાખ રૂપિયા રોકડા રૂપિયા ઝડપ્યા

મોડાસા, તા. ૧

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લાના આંતરરાજ્ય સરહદો પરથી મોટા પ્રમાણમાં કરોડો રૂપિયાનો વિદેશી દારૂ ઠાલવવામાં આવી રહ્યો છે આંતરરાજ્ય સરહદો પર આવેલ કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં બુટલેગરો વિદેશી દારૂનો મોટો જથ્થો ઠાલવી ખુલ્લેઆમ દારૂનું કટિંગ થઈ રહ્યું છે સ્ટેટ મોનીટરીંગ સેલની ટિમ શામળાજી નજીક આવેલા રામેળાના કટારા ફળિયામાં ત્રાટકી ૨૬ હજાર રૂપિયાનો વિદેશી દારૂ સાથે ૨.૧૨ લાખ રૂપિયા રોકડા સાથે એક બુટલેગરને દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.

શામળાજીના રામેળા ગામના કટારા ફળિયામાં રહેતા બે સગ્ગા ભાઈ વિદેશી દારૂનો વેપલો કરતા હોવાની સાથે કટિંગ કરી રાજ્યમાં વિદેશી દારૂ ઠાલવતા હોવાની બાતમી સ્ટેટ મોનીટરીંગ સેલને મળતા સ્ટેટ મોનીટરીંગ સેલની ટિમ દિનેશ વકસીભાઈ કટારા અને સુરેશ વકસીભાઈ કટારા ના રહેણાંક મકાનમાં ત્રાટકી મકાનમાં રાખેલો અને અનાજ દળવાની ઘંટીના ભોંય તળિયામાં સંતાડેલ વિદેશી દારૂ અને બિયર બોટલ નંગ-૨૬૯ કીં.રૂ.૨૬૯૦૦/- નો જથ્થો જપ્ત કરી ઘરમાં રહેલા રોકડ રૂપિયા ૨.૧૨ લાખ રૂપિયા અને મોબાઈલ નંગ-૧ કીં.રૂ.૫૦૦/- મળી કુલ રૂપિયા ૨૩૯૪૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી દિનેશ વકસીભાઈ કટારાની ધરપકડ કરી સ્ટેટ મોનીટરીંગ સેલની રેડ જોઈ ફરાર થઈ જનાર સુરેશ વકસીભાઈ કટારા અને વિદેશી દારૂ ઠાલવનાર બિચ્છીવાળા ડેડલી ગામની મહિલા બુટલેગર વિશ્રામ રૂપચંદ ભગોરા ની પત્ની વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

સ્ટેટ મોનીટરીંગ સેલની ટિમ અરવલ્લી જીલ્લાના સ્થાનિક બુટલેગરોના ત્યાં સમયાંતરે ત્રાટકી વિદેશી દારૂનો જથ્થો ઝડપી પડતી હોય છે બીજીબાજુ જીલ્લાની આંતરરાજ્ય ૬ સરહદો

પરથી પોલીસ ચેકપોસ્ટ હટાવી લીધા પછી નાના-મોટા વાહનો મારફતે મોટા પ્રણામ વિદેશી દારૂ બુટલેગરો ઠાલવી રહ્યા હોવા છતાં સ્થાનિક પોલીસ સહીત સ્ટેટ મોનીટરીંગ સેલની ટિમ આંખ આડે કાન કરતી હોવાનું પોલીસબેડામાં ચર્ચાઈ રહ્યું છે મોટા મગરમચ્છો ને છોડી નાની માછલીઓને પકડતી સ્ટેટ મોનીટરીંગ સેલની કામગીરી સામે અનેક સવાલો પેદા થયા છે

મેઘરજ બાંઠીવાડા તાલુકા પંચાયતની બેઠકની પેટા ચૂંટણીમાં ભાજપનો વિજય

મોડાસા, તા. ૧

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકા પંચાયતની બાંઠિવાડ-૧ બેઠકની પેટાચૂંટણીમાં કોંગ્રેસ કરતા ભાજપના ઉમેદવારને વધુ મત મળતા ભાજપના ઉમેદવાર વિજય જાહેર થયા હતા.

મેઘરજ તાલુકા પંચાયત હસ્તકની બાંઠીવાડા તાલુકા પંચાયત બેઠકના ચાલુ સદસ્યનું નિધન થતા આ બેઠક પર પેટા ચૂંટણી યોજવામાં આવી હતી જે અંગેની મતગણતરી મામલતદાર કચેરી ખાતે હાથ ધરવામાં આવી હતી જેમાં

ભાજપના ઉમેદવાર શાંતાબેન કેશાભાઈ સિસોદિયાને ૨૧૭૦ અને કોંગ્રેસના ઉમેદવાર કાંતાબેન રણછોડજી ડામોરને ૩૯૮ મત મળતાં ભાજપના ઉમેદવાર શાંતાબેન કેશાભાઈ સિસોદિયાનો વિજય થયો હતો ભાજપનો વિજય થતા ભાજપના તમામ કાર્યકરોએ રેલી કાઢી હતી.

હિંમતનગર સાબર સ્ટેડિયમ ખાતે પંચમ યુવા ઓલિમ્પિયાડ આરંભાશે

હિંમતનગર, તા.૧

સમગ્ર ભારતમાં વસતા ગુજરાત- કચ્છના કડવા પાટીદારોના સંતાનોમાં રમત-ગમત ક્ષેત્રે પાંગરતી પ્રતિભાને ખિલવવા અને પ્રોત્સાહિત કરવા શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ યુવા સંઘ- મહિલા સંઘ આયોજીત " પંચમ્ " યુવા ઓલિમ્પિયાડ ઉત્તર ગુજરાતના હિંમતનગર ખાતે સાબર સ્ટેડીયમ સાબરકાંઠાને આંગણે ત્રિ-દિવસીય મહોત્સવ આગામી તા. ૪,૫,૬ જાન્યુઆરી-૨૦૨૦ના રોજ યોજાશે.

આ પંચમ્ યુવા ઓલિમ્પિયાડને ચોથી જાન્યુઆરી ૨૦૨૦ને શનિવારના રોજ સવારે ૯-૦૦ કલાકે રાષ્ટ્રીય કક્ષાના યુવા ખેલ મહાકુંભને માન.મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી ઉદ્દઘાટન કરીને ખુલ્લો મૂકશે.

આ યુવા ઓલિમ્પિયાડને સફળ બનાવવા આયોજકો અને જિલ્લા વહિવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. જેના આયોજન અંગે બેઠક સોમવારના રોજ જિલ્લા કલેક્ટરશ્રી સી.જે. પટેલની ઉપસ્થિતિમાં કલેક્ટર કચેરીના સભાખંડમાં યોજાઈ હતી. જેમાં કાયદો અને વ્યવસ્થા, આરોગ્ય, લાઈટ, હેલીપેડ, ફાયર ફાઈટર,માર્ગમકાન વિભાગ, પીવાના પાણી અને ટ્રાફિક અને પાર્કિંગની વ્યવસ્થા સહિત સુચારૂ આયોજન અને અમલીકરણ થકી સફળતા અંગે બેઠકમાં વિસ્તૃત ચર્ચા વિચારણા સંબધિત અધિકારીઓ આયોજકો સાથે કરવામાં આવી હતી.